R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 43 DATE: 22-10-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## વિદેશ સચિવ એસ.જયશંકરે સર્જિકલ સ્ટ્રાઇક અંગે કરેલી ટિપ્પણીથી કેન્દ્ર સરકાર સામે કોગ્રેસે કરેલી ટીકા

કોગ્રેસે વિદેશ સચિવ એસ.જયશંકરની સીમા પાર કરાયેલી સર્જીકલ સ્ટ્રાઈક્સ અંગેની ટિપ્પણીનો હવાલો આપતાં કહ્યુ હતું કે આનાથી હાલની સર્જીકલ સ્ટાઈક અંગે ભાજપ અને મોદી સરકારનું જુઠ્ઠાણુ ખુલ્લુ પડી ગયું છે.જયશંકરે કહયુ હતું કે પુર્વમાં પણ સીમા પાર જઈને વિશિષ્ટ લક્ષ્ય આધારિત ઓછી ક્ષમતાવાળી સર્જીકલ સ્ટાઈક થતી રહી છે.

પાર્ટીના મુખ્ય પ્રવકતા રણદીપસિંહ સુરજેવાલાએ આશા વ્યકત કરી હતી કે જયશંકર પર તેમની અગાઉના વિદેશ સચિવ સુજાતા સિંહની જેમ સાચુ બોલવા અને ભાજપના કપટનો પર્દાફાશ કરવા માટે તવાઈ નહીં ઉતરે.સુરજેવાલાએ ટ્વીટ કરીને કહ્યુ હતું કે મોદી સરકારની વાક્પટુતા,ડીંગ અને શોર્યનો વિદેશ સચિવે પર્દાફાશ કર્યો છે. અમિત શાહ અને પારિકરના જુઠ્ઠાણાનો પર્દાફાશ થઈ ગયો છે. તેમણે અન્ય એક ટ્વીટમાં કહયુ હતું કે આશા છે કે સશસ્ત્રદળોના સાહસની ભુમિકા અને ભાજપના કપટને ખુલ્લુ કરવા માટે સાચુ બોલનારા વિદેશ સચિવ જયશંકર પર સુજાતા સિંહની જેમ કોઈ પગલાં નહીં લેવાય.

એક દિવસ અગાઉ જ એક સંસદીય સમિતિને જણાવાયું હતું કે સેનાના વિશિષ્ટ લક્ષ્યોવાળા મર્યાદિત ક્ષમતાના આતંકવાદ વિરોધી અભિયાનને અગાઉ હાથ ધરવામાં આવ્યા હતા પણ આવુ પ્રથમવાર બન્યું છે કે તેને જાહેર કરવામાં આવ્યુ હોય. વિદેશ સચિવે આ માહિતી વિદેશ મામલાઓની સંસદીય સમિતિને આપી હતી જે પારિકર દ્વારા કરાયેલા દાવાઓથી વિપરિત છે.

## દિવાળીની રાત્રે ૧૦થી સવાર ૬ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકાશે

શહેરમાં ફાયર સેફટીના અમલ બાબતે હાઈકોર્ટની વારંવારની ફટકાર બાદ સરકારે હાઈકોર્ટને ફાયર સેફટીના નિયમોનુ ફરજીયાત પાલન કરાવવાની ખાત્રી આપી છે.દિવાળી પહેલા આ બાબતે નોટીફીકેશ બહાર પડાશે.જેમાં ફટાકડાની દુકાનો મંજુરી વગર ખોલી શકાશે નહીં તેવી ખાતરી અપાઈ છે.તે સિવાય રાત્રી ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી ફટાકડા ફોડી શકાશે નહીં.જોકે ફટાકડા ફોડનારને કોણ અટકાવશે તેની ખાત્રી સરકારે આપી નથી.હાઈકોર્ટના આદેશનું પાલન થાય છે કે નહી તેની ખાત્રી પણ કોણ કરશે ?

## બાંગલાદેશી લેખિકા તસલીમા નસરીને પાકિસ્તાની કલાકારોનો બહિષ્કાર કરવાની ટીકા કરીઃ પ્રતિબંધ લગાવો તો આતંકીઓ પર કલાકારો પર નહી

જાણીતા અને વિવાદાસ્પદ બાંગલાદેશી લેખિકા તસલીમા નસરીને પાકિસ્તાની કલાકારોનો બહિષ્કાર કરનારા લોકોની ટીકા કરતાં કહ્યુ હતું કે આતંકવાદીઓ પર પ્રતિબંધ લગાવવો જોઈએ. કલાકારો પર નહીં. શ્રેણીબધ્ધ ટ્વીટમાં તસલીમાં એ કહ્યુ હતું આતંકવાદીઓ પ ર પ્રતિબંધ લગાવો. કલાકારો પર નહી. કલાકાર એ સ્થાન સાથે જોડાયેલા હોય છે.જ્યાં કલાનું સન્માન થાય છે.તેમણે કહ્યુ હતું આજે તમે પાકિસ્તાની કલાકારો પર પ્રતિબંધ લગાવી રહ્યા છો કાલે તમે બાગલાદેશી લેખકો પર પ્રતિબંધ લગાવશો.વિશુધ્ધ ભારતીય લોહી વાળા હિટલરના રક્તની શુધ્ધતાના વિચારની જેમ. તસલીમાનું નિવેદન એવા સમયે આવ્યું છે કે જ્યારે ફિલમ નિર્માતા કરણ જોહરે જાહેર કર્યુ કે તે ભવિષ્યમાં પાકિસ્તાની કલાકારોને પોતાની ફિલ્મમાં નહીં લે.

## ભાજપે મંદિર નિર્માણનું વચન પાળવું પડશે : સાંસદ સુબ્રમણ્યમ સ્વામી

ભાજપના સિનિયર નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યુ હતું કે રામમંદિરનું નિર્માણ ભાજપના લોકસભા ચુંટણીના વચનો પૈકી એક છે.ભાજપ તેનાથી છટકી ન શકે. લોકોને આપેલું વચન પુરુ કરવું પક્ષની ફરજ બની જાય છે.સ્વામીએ કહયું કે રામ મંદિરનું નિર્માણ એ ચુંટણી ઢંઢેરાનો ભાગ છે.ભાજપ તેનાથી કઈ રીતે ભાગી શકે. અમારે વચન પુરુ કરવું જ પડશે.આ સાથે તેમણે કહયું કે આ મુદ્દો બળજબરીથી ઉકેલવાની વાત નથી, પરંતુ સુપ્રીમ કોર્ટે આ મુદ્દે પગલાં લેવા જરુરી છે.કારણકે આ કેસ છ વર્ષથી પેન્ડીંગ છે.હવે તે મુદ્દે સુનાવણી થવી જોઈએ અને કેસનો નિકાલ કરવો જોઈએ. કારણકે મુસ્લીમ પક્ષ પણ સુનાવણી માટે તૈયાર છે. સ્વામીએ કહ્યુકે તેઓ આ મામલે અરજી કરશે અને સરકારને નોટિસ આપવા કહેશે.ઉલ્લેખનીય છે કે ભાજપના સાંસદ વિનય કટિયારે પણ કહયું હતું કે પક્ષ દ્વારા રામાયણ મ્યુઝિયમ બનાવવાની વાત લોલીપોપ છે. તેનાથી કંઈ નહીં વળે,પક્ષે હવે તો મંદિરનું નિર્માણ કરવું પડે.

## ઇસ્લામિક સંગઠનનો ખાતમો નજદીકમાં સીરીયન દળોએ મૌસુલને ઘેરી લીધું



આઈએસના કબજામાંથી મૌસુલને છોડાવવા માટે વ્યાપક પ્રમાણમાં લશ્કરી ઝુંબેશને વેગ આપવામાં આવ્યો છે.ઈરાકના સરકારી ટીવીમાં પ્રસારિત વડાપ્રધાન અબ્દીએ મૌસુલના નિવાસીઓને કહેલું કે આ દળો તમને આઝાદ કરાવશે.એકજ લક્ષ્ય છે કે તમને મુક્ત કરાવવા.તમને આત્મસન્માન આપવું.

તાજેતરમાં આવેલા સમાચારો મુજબ ચારે બાજુથી ઈસ્લામીક સંગઠનના આતંકીઓ ઘેરાઈ જવાથી મહિલાઓના વસ્ત્ર પહેરીને ભાગી રહ્યા છે. તેથી મૌસુલનું પતન નજીકના ભવિષ્યમાં થશે તેવા સમાચારોને જોર મળ્યું છે.આઈએસનો ખાતમો થાય તેવું લાગી રહ્યું છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## કેથલીક ચર્ચનું દેવું ચુકવવા માટે મુસ્લીમોને અમેરિકામાં ચર્ચ વેચાયું

અમેરિકામાં પેનસિલ્વિનિયામાં એક બંધ કેથોલિક ચર્ચ તેનું વેચાણ મુસ્લીમ કલ્ચરલ ગ્રુપને કરવામાં આવ્યું હતું. કેથોલિક ચર્ચનું દેવું ચુકવવાને માટે આ ચર્ચને વેચી દેવું પડ્યું હતું.આ ચર્ચ પર ૨૦ લાખ ડોલરનું ઋણ હતું.જે ચુકવાય તે માટે તેનું વેચાણ કરી દેવામાં આવ્યુ હતું. ઈમેક્યુલેટ કન્સેપ્શન બીવીએમ ચર્ચ બ્રિસ્ટલ ખાતે આવેલું છે.

## આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહિદ્દીને કાશ્મીરી પંડિતોને પાછા ફરવા અપીલ કરી

આતંકવાદી સંગઠન હિઝબુલ મુઝાહદ્દીને સ્થળાંતર કરી ગયેલા કાશ્મીરી પંડિતોને ખીણમાં પાછા ફરવા માટે અપીલ કરી છે.૧૯૯૦માં કાશ્મીર ખીણ વિસ્તારમાં ઉગ્રવાદી પ્રવૃત્તિઓ ફાટી નીકળી હતી તે પછી કાશ્મીરી પંડિતો તેમના ઘરબાર છોડીને ભારતમાં અન્યત્ર સ્થળાંતર કરી ગયા હતા.હિઝબુલે આ પંડિતોને પાછા તેમના ઘેર આવી જવા માટે કહ્યું છે એટલું જ નહી, પંડિતોને રક્ષણની ખાતરી આપી છે. હિઝબુલે આ સાથે શિખ યુવાનોનું ગ્રુપ ઊભુ કરવાની જાહેરાત પણ કરી છે.અમે કાશ્મીરી પંડિતોને તેમના ઘરે પાછા ફરવા માટે અપીલ કરીએ છીએ.અમે તેમની સુરક્ષાની ખાતરી આપીએ છીએ,તેમ ઝાકીર રશીત ઉર્ફે મુસા નામના સંગઠનના બની બેઠેલા કમાન્ડરે એક વીડીયો મેસેજમાં આ કહ્યુ હતું.તેણે કહ્યુ કે પંડિતો હજુ કાશ્મીર ખીણમાં રહે છે અને તેમની સુરક્ષા હિઝબુલ કરી રહ્યું ચે. ભારત સરકાર કાશ્મીરમાં ઓપરેશન બ્લુ સ્ટાર જેવી લશ્કરી કાર્યવાહી કરવા માંગતી હોવાનો દાવો તેમણે કર્યો છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

રામાયણનો પ્રસંગ તો સહુ કોઈને યાદ છે.કૈકયીએ વરદાન માંગ્યુ અને રામજીને ૧૪ વર્ષનો વનવાસ મળ્યો.હવે અયોધ્યાની ગાદી કોણ સંભાળશે.રાજા દશરથ તો રામના વનવાસનો નિર્ણય જાણીને રાજવ્યવસ્થામાંથી શુધબુધ ખોઈ બેઠા. આખરે ભરતે ગાદી સંભાળી. રામની ગેરહાજરીમાં ગાદી સંભાળવી પરંતુ તે કેવી રીતે. આખરે રામના ચંપલને ગાદી પર મુકીને રાજકારોબાર ચલાવવાનો ભરતે નિર્ણય કર્યો. સતયુગમાં આ બન્યુ તેમ કહેવાય છે.

આજનો યુંગ કળયુગ કહેવાય છે.તેમાંય રાજાશાહી નથી પરંતુ લોકશાહી છે.આજે જે પ્રશ્ન ઉપસ્થિત થયો છે તે લોકશાહીમાં તામિલનાડુની જે રાજકીય સ્થિતિ છે તે બાબતનો છે.તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતા કેટલાક દિવસોથી બિમાર છે. અને ચેન્નાઈની ખાનગી હોસ્પીટલમાં તેમની સારવાર ચાલી રહી છે.રાજ્ય સરકારનો દાવો છે કે જયલલિતાની તબિયત સુધારા પર છે જ્યારે બીજી બાજુ તેમની કાળજી લેવા માટે તબીબોની પેનલો વિદેશથી બોલાવવામાં આવી રહી છે.કોઈ વ્યક્તિને જયલલિતાને મળવા દેવામાં આવતા નથી.તેમની બિમારી રહસ્યમય બનેલી છે.જયલલિતા રાજ્યમના મુખ્યમંત્રી તરીકેની તેમની બંધારણીય જવાબદારીઓ અદા કરવા જેટલા સમર્થ નથી તે અંગે સવાલો ઉભા થયા છે.રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન સહિતની માંગણીઓ થઈ ચુકી છે.રાજ્ય સરકારે વચગાળાના રસ્તા તરીકે જયલલિતાના તમામ ખાતા અગાઉ જયલલિતાના જેલવાસ દરમિયાન વિશ્વાસુ નેતા અને મુખ્ય પ્રધાન રહી ચુકેલા પનીર સેલ્વમને ચાર્જ સોપાયો છે.તામિલનાડુ અત્યારે ભારે સંકટમાંથી પસાર થઈ રહ્યુ છે.રાજ્ય સરકારના મહત્વના નિર્ણયો ખોરંભે ચઢી ગયા છે. આવા સંજોગોમાં કેબિનેટની એક બેઠક મળી તેમાં નાટ્યાત્મક રીતે જયલલિતાનો ફોટો રાખીને તેમને હાજરાહજુર ગણીને પનીરસેલ્વમના વડપણ હેઠળ નિર્ણયો લેવાયા હતા.આ લોકશાહીની ક્રુર મજાક છે.જયલલિતાનું સ્વાસ્થ વહેલી તકે સારુ થાય તેવી સહુ કોઈની ઈચ્છા છે.

જયલલિતાના આરોગ્ય અંગેની ગંભીરતાને કારણે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલી,ભાજપના પ્રમુખ અમિત શાહ, કોગ્રેસના રાહુલ ગાંધી વિગેરે જાણકારી માટે હોસ્પીટલની મુલાકાત લઈ ચુક્યા છે તેથી લોકોને જયલલિતાના સ્વાસ્થ અંગે ચિંતા ઉપજાવે છે.

જયલલિતાનો ફોટો મુકીને તેમને હાજરાહજુર ગણીને સરકારી કામકાજ આગળ ધપાવવામાં આવે તેવું લોકશાહી શાસનમાં ચાલી શકે નહીં.લોકશાહીમાં પદ મહત્વનું છે,વ્યક્તિ નહીં.લોકતાંત્રિક ઢબે ચુંટાયેલી સરકારના વડાએ બંધારણીય રાહે પોતાની ફરજ બજાવવાની હોય છે.જયલલિતા માટે લોકોને ગમે તેટલો આદર હોય પરંતુ તેમની ગેરહાજરીમાં તેમનો ફોટો મુકીને કેબિનેટની બેઠકો ચલાવાય તેવું કોઈ પાકટ લોકશાહીમાં ઉચિત ગણાય નહી. ભગવાન રામ વનવાસ પર ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં ભરતે સિંહાસન પર પાદુકા મુકીને રાજ્ય ચલાવ્યુ હતું.પરંતુ જયલલિતા એક રાજકીય નેતા છે.ભગવાન નહીં.પનીસ સેલ્પમને ભરત ગણી શકાય નહીં. અને અત્યારે દેશમાં પાદુકાશાહી નહી પણ લોકશાહી છે. આ તમાશાને જેટલો જલ્દી બંધ કરી શકાય તેટલો કરવો જરુરી છે.ધર્મને રાજકારણમાં દાખલ કરવો જોઈએ નહી.કેન્દ્ર સરકારે આ તમાશો તત્કાળ બંધ કરાવવા જરુરી પગલાં લે.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## કોઇ ધર્મને આતંવાદ સાથે સાંકળી શકાય નહી : ચીન

તાજેતરમાં બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાને પાકિસ્તાનને આતંકવાદની જનેતા ગણાવ્યા બાદ ચીને આતંકવાદ માટે પોતાના વિચારો રજુ કર્યા હતા.ચીને કહ્યુ હતું કે અમે કોઈ પણ દેશ અથવા ધર્મને આતંકવાદ સાથે સાંકળતા નથી.જો કે પાકિસ્તાને આતંકવાદ સામે આપેલા બલિદાનને વિશ્વ સમુદાયે માન્યતા આપવી જોઈએ.

ગોવા ખાતે બ્રિક્સ સંમેલનમાં વડાપ્રધાન મોદીએ આતંકવાદ મુદ્દે પાકિસ્તાન પર મુકેલા આરોપો પર પુછાયેલા સવાલ પર આકરો પ્રત્યાઘાત આપતાં ચીન વિદેશમંત્રાલયના પ્રવક્તા હુઆ ચુનપિંગે જણાવ્યું હતું કે ચીન કોઈપણ દેશને આતંકવાદ સાથે સાંકળવાનો વિરોધ કરે છે.ભારત વિરોધી આતંકવાદી સંગઠનોને સહાય આપતાં ઈસ્લામાબાદની મોદી દ્વારા કરાયેલી ટીકા પરનો સવાલનો જવાબ આપતાં તેમણે જણાવ્યુ હતું કે આતંકવાદની લડાઈ પર ચીનનું વલણ સાતત્યપુર્ણ છે. તેવીજ રીતે અમે કોઈ ચોક્કસ દેશ અથવા ધર્મને આતંકવાદ સાથે સાંકળવાનો વિરોધ કરીએ છીએ.મે આતંકવાદના તમામ સ્વરુપનો વિરોધ કરીએ છીએ.અમે માનીએ છીએ કે તમામ દેશોની સ્થિરતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા આંતરરાષ્ટ્રીય પ્રયાસોની જરુર છે.

તેમણે કહ્યુ કે ભારત અને પાકિસ્તાન બંને આતંકવાદથી પીડીત છે.આતંકવાદ સામેની લડાઈ ઈસ્લામાબાદે મહાન બલિદાન આપ્યા છે.આંતરરાષ્ટ્રીય સમુદાયે તેની નોધ લેવી જોઈએ.સરહદ પારથી ભારતમાં આતંકવાદ ફેલાવવા પાકિસ્તાન ભારત વિરોધી આતંકી જુથોને આર્થિક અને લશ્કરી સહાય પુરી પાડી રહ્યો હોવાની મોદીએ કરેલી ટીકા પરના સવાલ પર તેમણે જણાવ્યુ હતું કે હું તમારી ચિંતા સમજી શકું છું.પરંતુ મે કહ્યુ તેમ ચીન ચોક્કસ દેશ અથવા ધર્મને આતંકવાદ સાથે સાંકળવાનો વિરોધ કરે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે વિવાદ પર તેમણે જણાવ્યુ કે બંને ચીનના પાડોશી દેશ છે. અમને આશા છે કે ભારત અને પાકિસ્તાન શાંતિપુર્ણ રીતે વિવાદોનો ઉકેલ લાવશે.જેથી બંને દેશો વચ્ચેના સબંધો વિકસે.

## ભારતીય મતોને આર્કષવા માટે અમેરિકન પ્રમુખપદની ચુંટણીના ઉમેદવાર ટ્રમ્પે કહ્યુ કે ભારતીય હિંદુ સમુદાયને વ્હાઇટ હાઇસમાં સાચો મિત્ર મળશે જો હું ચુંટાઇશ

ચુંટણીઓ એટલે સાચા ખોટા વચનોની ભરમાર.જેમ લોકસભાની ચુટણીમાં દેશવાસીઓને વડાપ્રધાન મોદીએ દેશના તમામ નાગરિકોના ખાતામાં ૧૫ લાખ જમા થશે એવું એક લોલીપોપ આપ્યુ હતું.તેમજ એવા અનેક લોલીપોપ આપ્યા હતા તે જ પ્રમાણે અમેરિકાના પ્રમુખપદની ચુંટણીમાં ઉભા રહેલા ઉમેદવારા ટ્રમ્પ દ્વારા અમેરિકામાં વસતા ભારતીયોને કહ્યુ હતું કે હું ભારત અને હિંદુઓનો મોટો પ્રશંસક છું.જો હું પ્રમુખપદે ચુંટાઈ આવીશ તો ભારતીય અને હિંદુ સમુદાયને વ્હાઈટ હાઉસ ખાતે એક સાચો મિત્ર મળશે.ભારતમાં ચાલી રહેલા મારા બે મોટા પ્રોજેકટને કારણે હું ભારત અને ભારતીયોથી પરિચીત છુ.મારા બંને પ્રોજેકટ અદ્ભુત ભાગીદારો સાથે ઘણા સફળ રહ્યા છે.આ પ્રોજેકટને કારણે બારતમાં મારો વિશ્વાસ વધ્યો છે.ટ્રમ્પે કહ્યુ કે હિંદુઓ અતુલ્ય લોકો અને ભારત અતુલ્ય દેશ છે.પેઢીઓથી ભારતીય અને હિંદું અમેરિકનોએ અમેરિકાને મજબુત બનાવ્યો છે.મહેનત, શિક્ષણ અને ઉદ્યોગ સાહસિકતાના તેમના મુલ્યોથી અમેરિકા સમૃધ્ધ બન્યો છે.

આર્થિક અને અમલદારશાહીમાં સુધારા દ્વારા ભારતને ફાસ્ટ ટ્રેક વિકાસના માર્ગે લઈ જવા માટે ડોનાલ્ડ ટ્રમ્પે બારતના વડાપ્રધાન મોદી પ્રશંસાના ફુલ વેર્યા હતા.તેમણે કહ્યુ હતું કે પીએમ મોદી અમલદારશાહી અને અર્થતંત્રમાં સુધારા માટે ઘણા ઉર્જાવાન સાબિત થયા છે.તેમણે કરવેરાનુ માળખું સરળ બનાવ્યુ છે.ભારતનુ અર્થતંત્ર ૭ ટકાના દરે વૃધ્ધિ પામી રહ્યુ છે.હું તેમની સાથે મળીને કામ કરવા માંગું છું.જો હું પ્રમુખપદે ચુંટાઈશ તો ભારત અને અમેરિકા શ્રેષ્ઠ મિત્રો બની રહેશે.ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે.અને અમેરિકાનો કુદરતી ભાગીદાર છે. ભારત અમેરિકાના વ્યુહાત્મક મિત્ર દેશ છે.

## લખનઉમાં વિજયાદશમીની ઉજવણીમાં આતંકવાદ સામે વડાપ્રધાને ટંકાર કર્યો

લખનઉ ખાતે વિજયા દશમીના પર્વની ઉજવણી નિમિત્તે વડાપ્રધાન મોદીએ જાહેરસભાને સંબોધતા કહ્યુ હતું કે આતંકવાદ માનવતાનો સૌથી મોટો દુશ્મન છે. આતંકવાદને કોઈ સરહદ કે રાષ્ટ્રીયતા હોતી નથી.તે તો ફક્ત વિનાશ કરવાનું જાણે છે. આતંકવાદને આશ્રય,સમર્થન તથા પરવાનગી આપનારાઓને માફ કે સહન કરી શકાય નહીં.અમે આતંકવાદનો પ્રોત્સાહન આપનારાઓનો અથવા મદદ કરનારાઓને છોડીશું નહીં.

રામાયણના ઉપદેશનો અનુસરવાની સલાહ આપતાં તેમણે કહ્યુ હતું કે દશેરા અસત્ય પર સત્યના વિજયનું પર્વ છે.આપણે દર વર્ષે રાવણદહન કરીએ છીએ.રાવણને બાળતી વખતે સંકલ્પ કરીએ છીએ કે જીવનની તમામ ખરાબીઓને ભસ્મ કરીશું. દર વર્ષે આ સંકલ્પને મજબુત બનાવીશું.આજે કદાચ તે સમયનો રાવણ નથી. રામ-રાવણની લડાઈ પણ નહીં થાય. પરંતુ આપણી અંદર રહેલી ૧૦ ટકા ખરાબી નાબુદ કરીએ.

તેમણે કહ્યુ હતુ કે આ દસ ખરાબીઓને દુર કરીએ. જેમાં જાતિવાદ,વંશવાદ, કોમવાદ, અંધવિશ્વાસ, દુરાચાર,કન્યાભ્રુણ હત્યા, ભ્રષ્ટાચાર, ગરીબી,નિરક્ષરતા અને આતંકવાદ.તેમણે કહયુ કં આપણે યુધ્ધ થી બુધ્ધ તરફ જનારા લોકો છીએ.રામ અને કૃષ્ણ બંનેએ યુધ્ધ જોયાં પરંતુ આપણને બુધ્ધની જરુર છે. ભારત યુધ્ધના મેદાનમાં ગીતાનો સંદેશ આપનારા મોહન અને ચરખાવાળા મોહનનો પણ દેશ છે.આપણા સાંસ્કૃતિક વારસાની આ જ વિશેષતા છે.ભારત યુધ્ધથી શાંતિના માર્ગ પર જવા ઉત્સુક છે.સમયની સાથે ક્યારેક યુધ્ધ અનિવાર્ય બની જાય છે.

વડાપ્રધાને કહ્યુ હતું કે આતંકવાદ માનવતાનો સૌથી મોટો દુશ્મન છે.રામાયણ સાક્ષી છે આતંકવાદ સામે પહેલી લડાઈ જટાયુએ લડી હતી. તે મહિલાના સન્માન માટે લડ્યા હતા.પરંતુ ભારતના ૧૨૫ કરોડ દેશવાસીઓએ દુરાચાર સામે જટાયુ બનવાનો પ્રયત્ન કર આતંવાદ સામે લડવું જોઈએ.



આપણી આંખની કીકીનું વજન એક ઔસ હોય છે.

લાર્ડલ રોડ ટનલ જે નોર્વેમાં આવેલી છે તે વિશ્વની સૌથી લાંબી રોડ ટનલ તરીકે ઓળખાય છે.આ ટનલમાંથી મુસાફરી કરવી એ વિશ્વની શ્રેષ્ઠ મુસાફરી ગણવામાં આવે છે.

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ભારતીય લશ્કરે ફિલ્મના મુદ્દે વિવાદમાં ઢસડતાં નારાજગી દર્શાવી :રાજની દાદાગીરી સામે મહારાષ્ટ્ર સરકાર લાચાર બની

ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને પુર્વ સૈન્યકર્મીઓએ ફિલ્મના મુદ્દે રાજનીતિમાં પોતાને ઘસડવામાં આવતાં નારાજ છે.મહારાષ્ટ્ર નવનિર્માણ સેના એ પાકિસ્તાની કલાકારોને ફિલ્મમાં કામ આપનારા નિર્માતાઓને સેના કલ્યાણ ફંડમાં રુ.૫ કરોડ જમા કરાવવાની માંગ કરી છે.કરણ જોહરની ફિલ્મ એ દિલ હે મુશ્કીલ અંગે એ સમયે વિવાદ સર્જાયો હતો.જ્યારે મનસેએ આ ફિલ્મમાથી પાકિસ્તાની કલાકાર ફવાદખાનને કામ આપવા અંગે વિરોધ શરુ કર્યો હતો.

આ ફિલ્મને ત્યારે રિલીઝ કરવાની અનુમતિ આપવામાં આવી હતી જ્યારે ફિલ્મના નિર્મતાઓએ મનસે પ્રમુખ રાજ ઠાકરેની ત્રણ શરતોને માની લીધી હતી. જેમાં સેના કલ્યાણ ફંડમાં રુ. ૫ કરોડ ચુકવવાની વાત પર પણ સામેલ છે.સેનાના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યુ હતું કે કલ્યાણ કોષમાં કોઈપણ યોગદાન સ્વેચ્છાએ થવું જોઈએ. જબરજસ્તીથી વસુલાત કરવાની અનુમતિ નથી.અમે ઈચ્છીએ છીએ કે લોકો પોતાની ઈચ્છાથી તેમાં યોગદાન આપે,કોઈપણ પ્રકારના દબાણમાં આવીને નહીં.

કાશ્મીરમાં ઉરી ખાતે આતંકી હુમલામાં ૧૯ જવાનો શહીદ થયા પછી દેશભરમાંથી આક્રોશ છવાયો હતો. જેના પગલે મનસેએ ૪૮ કલાકમાં પાકિસ્તાની કલાકારોને ભારત છોડી દેવાની ચીમકી આપી હતી. ત્યારબાદ ફિલ્મ નિર્માતાઓને પણ પાક.કલાકારોને કામ ન આપવા કહેવાયુ હતું.

જો કે આ એક પ્રકારની ખંડણી વસુલ કરવાની રીત કહેવાય. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ફડનવીસ મનસેની ધમકી અને હાલમાં મહારાષ્ટ્રમાં ચાલી રહેલા મરાઠા આંદોલનની ખુરશી જવાની બીકે મનસેની તમામ શરતો સ્વીકારવાની ફિલ્મ નિર્માતાઓને ફરજ પાડી છે.ભવિષ્યમાં ફિલ્મ ઉદ્યોગને કાયમી રીતે મનસે માંગશે તેટલી રકમ તેમને ખંડણી કે કર કે દાન સ્વરુપે આપવી પડશે.ડોશી મર્યાનો ભય નથી જમ પેધી ગયાનો ડર તો અવશ્ય છે.

કરણ જોહરની ફિલ્મ ‘એ દિલ હૈ મુશ્કીલ‘ ની રીલીઝ અંગેનો માર્ગ તો મોકળો બન્યો પરંતુ રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવ નિર્માણસેના (મનસે)ની દાદાગીરી અને અન્ય રાજકીય દબાણની સામે બોલિવુડના ફિલ્મ નિર્માતાઓએ પાકિસ્તાની કલાકારો સાથે કામ નહી કરવાની જાહેરાત કરતાં ફિલ્મ નિર્ધારીત સમયે રીલીઝ કરવાનો માર્ગ મોકળો બન્યો. મનસેએ આર્મી વેલફેર ફંડમાં જે પાંચ કરોડ જમા કરાવી દેવાની શરત કરી ત્યારે પ્રોડ્યુસર ગિલ્ડના અધ્યક્ષ મુકેશ ભટ્ટની સાથે કરણ જોહર હતા.મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસના નિવાસસ્થાને આ બેઠક મળી હતી.આ બેઠકમાં રાજ ઠાકરે હાજર રહ્યા હતા.ફડનવીસે કાયદો અને વ્યવસ્થાનું પાલન કરાવવા માટે રાજ ઠાકરે પર દબાણ લાવવા કે ભીસ લાવવાને બદલે મધ્યસ્થીની ભુમિકા અદા કરી હતી.હવે કરણ જોહરે ફિલ્મ શરુ થતાં પહેલાં ઉરીના શહીદોને શ્રધ્ધાંજલી આપવી પડશે.આમ સરકારે ખુદ શરણાગતી સ્વીકારીને મનસેને ભાવતુ હતું તે કરી આપ્યુ. હવે ભવિષ્યમાં જોવાનું રહેશે કે મનસે કહેશે તે બોલીવુડે કરવુ પડશે અને તે પ્રમાણે વર્તવું પડશે.

બોલીવુડ પર ધાક જમાવવા માટે કેટલાક સમયથી મુંબઈમાં કેટલાક રાજકીય માફીયાઓનો ડોળો છે. આ પહેલાં દાઉદનું વર્ચસ્વ હતું.હવે નવું વર્ચસ્વ સ્થપાવાની શરુઆત થઈ ચુકી છે.સરકાર તેમને સાથ પણ આપશે.


IN THE FOOTESTED OF JESUS

HOLYLAND TOUR

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.
દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો

ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.
Tour Date 18 May ‘16,Sept.16 November,2016
પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.

પ્રાર્થન પોલ ગોહિલ,
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## તલાક...તલાક...તલાક અંગે સરકારની એફિડેવીટ ઇસ્લામની વિરુધ્ધ સામે મુસ્લીમ ધર્મગુરુઓ દ્વારા ધાર્મિક માન્યતા હોવાનો દાવો

મુસ્લીમ સમુદાયમાં ટ્રિપલ તલાકની પ્રથા બંધ કરવા માટે સરકારે સુપ્રીમ કોર્ટમાં રજુ કરેલી એફીડેવીટ ઈસ્લામની વિરુધ્ધ છે તેમ મુસ્લીમ ધર્મગુરુઓએ દાવો કર્યો છે.બરેલવી અને દેવબંદી સમુદાયના મુસ્લીમ ધર્મગુરુઓએ કહ્યું હતું કે ટ્રિપલ તલાકને ઈસ્લામ ધર્મમાં માન્યતા મળેલી છે.સરકારની એફિડેવીટનો વિરોધ કરવા માટે સુન્ની મુસ્લીમ ધર્મગુરુઓ પીએમ મોદીને મળીને આ અંગે રજુઆત કરશે.સરકારે મહિલાઓની તરફેણમાં જે દાવો કર્યો છે તે તદન ખોટો છે.

ઓલ ઈન્ડીયા જમાત રઝા-એ-મુસ્તફાના રાષ્ટ્રીય મહામંત્રી મૌલાના શાહબુદીન રઝવીએ કહ્યુ હતું કે ટ્રિપલ તલાક અંગે સુપ્રીમમાં એફિડેવીટ રુ કરતાં પહેલાં કેન્દ્ર સરકારે મુસ્લીમ ધર્મગુરુઓ સાથે આ મુદ્દે ચર્ચા કરવાની જરુર હતી.સરકારે મુસ્લીમ મહિલાઓની તેમાં તરફેણ કરી છે તે તદન ખોટી છે. કેટલાક અન્ય દેશોમાં ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે દેશો મુસ્લીમ છે પણ ઈસ્લામીક નથી. ઈસ્લામીક દેશોનું બંધારણ આખુ કુરાન અને હાદિથ પર ઘડાયેલું છે.જો કે હાલ આખા વિશ્વમાં કોઈ દેશ તેનું પુરેપુરુ પાલન કરતો નથી.

ટ્રિપલ તલાકને ગેરકાયદે નહીં ગણવા અને સરકારની એફીડેવીટનો વિરોધ કરવા માટે સુન્ની બરેલવી સમુદાયનું પ્રતિનિધિમંડળ રાજનાથસિંહ તેમજ લઘુમતી બ ાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીને મળશે. દરગાહ આલા હઝરતના પ્રવક્તા મુફ્તી મોહમ્મંદ સલીમ નુરીએ કહ્યુ હતુ ંકે મુસ્લીમો પર વગ ધરાવતાં કેટલાંક લોકો કે જેઓ ઈસ્લામની વિરુધ્ધ છે તેઓ ટ્રિપલ તલાકને ગેરકાયદે ઠરાવવા કેટલીક મુસ્લીમ મહિલાઓને હાથો બનાવી રહ્યા છે.જેને આખા મુસ્લીમ સમુદાયનો અવાજ ગણી શકાય નહીં. ૩૬માં ઉર્શ એ નુરીમાં આ મુદો ઉઠાવાશે.

## મનસેએ તેની સીમા ઓળંગવી જોઇએ નહીં : નસીરુદીન શાહ

કરણ જોહરની ફિલ્મ બાબતે ચાલી રહેલા વિવાદનો અંત મનસેની લાદેલી શરતો અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીશની મહોરથી આવ્યો.ચરિત્ર અભિનેતા નસિરુદીન શાહે કહ્યુ હતું કે મનસેએ તેની હદમાં રહેવું જોઈએ અને સીમા ઓળંગવી જોઈએ નહીં.મનસે દ્વારા પાક.કલાકારોની ભુમિકા હોય તેવી ફિલ્મનો વિરોધ કરવામાં આવ્યો હતો.જો કે મુખ્યપ્રધાનના હસ્તક્ષેપ બાદ આ વિવાદ પર પડદો પડ્યો હતો.નસીરુદીન શાહે કહ્યુ હતુ કે કલાજગતમાં રાજકારણીઓએ માથુ મારવું જોઈએ નહીં.તેણે ઉમેર્યુ હતું કે તે કરણ જોહરની ફિલ્મ પસંદ કરતો નથી.પરંતુ ફક્ત પબ્લીસીટી માટે કોઈપણ ફિલ્મનો વિરોધ કરવો યોગ્ય નથી.મનસે પાસે કરણ જોહરે માફી માંગવાનું કોઈ કારણ નહોતું તેમ શાહે ઉમેર્યું હતું.

## ભારતના વિવિધ પ્રદેશોમાં નવા પ્રકારના બર્ડ ફ્લુ ના ફેલાવાને સમર્થન

મધ્ય પ્રદેશની ભોપાલ સ્થિત નેશનલ ઈન્સ્ટીટ્યુટ ફોર હાઈ સીક્યુરીટી એનિમલ ડિસિઝે ભારતના વિવિધ ભાગોમાં બર્ડ ફ્લુ ફેલાઈ રહ્યો હોવાના અહેવાલને સમર્થન આપ્યુ છે.પ્રયોગશાળાએ જણાવ્યુ છે કે આ એચપએનટ નામનો બર્ડ ફ્લુનો નવો પ્રકાર છે.આ રોગચાળો ભયાનક ન બને તે માટે સરકારના તમામ વિભાગો પ્રયાસો કરી રહ્યા છે.કૃષિ મંત્રાલયના એક નિવેદન અનુસાર હજુ સુધી માનવીમાં આ અંગેનો કોઈ ચેપ દેખાયો નથી.પરંતુ મૃત અને રોગગ્રસ્ત પક્ષીઓના નિકાલ અને નિયંત્રણ દરમિયાન માનવીઓ માટે ચોકસાઈના પગલાં લેવા જરુરી છે. ઝુમાં કેટલાક પક્ષીઓના મોત આ બર્ડ ફ્લુને કારણે થયા હોવાનો રીપોર્ટ લેબોરેટરીએ આપ્યો હતો.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# વિદ્યાનગર ખાતે જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર અર્પણ સમારોહ યોજાયો

જોસેફ મેકવાન ફાઉન્ડેશનના ઉપક્રમે આયોજીત સાહિત્ય પુરસ્કાર સમારોહમાં અધ્યક્ષીય સંબોધનમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ જણાવ્યુ હતું કે કર્મશીલ જોસેફ મેકવાનની સર્જન યાત્રાના સાક્ષી બનવાનું મારુ સદ્‌ભાગ્ય રહ્યું છે.અને જોસેફભાઈએ જેટલું જીવ્યા તેનો પુરેપુરો હિસાબ આપ્યો છે.આજે આટલી મોટી સંખ્યામાં એમના ચાહકોને ભાવકોની ઉપસ્થિતિમાં જોસેફ મેકવાનના નામે પુરસ્કારો પણ અપાઈ રહ્યા છે. જે એમના સર્જન કાર્ય થકી જોસેફ સદા-સર્વદા આપણી વચ્ચે હોવાનો પુરાવો છે.

જોસેફ મેકવાનના સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત કરનાર અગ્રણી સર્જક ડો.મોહન પરમાર અને જોસેફ મેકવાન કર્મશીલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર ઈન્દુકુમાર જાનીને શુભકામનાઓ પાઠવતાં કહ્યું હતું કે જોસેફ મેકવાને સમાજના જે દલિતો-પીડીત વર્ગની સમસ્યાઓ પ્રતિ જીવનભર તેમના સર્જન કાર્ય દ્વારા તેમનો અવાજ ઉઠાવતાં રહ્યા તે વર્ગની સમસ્યાઓનો હજી સુધી પુર્મ પણ ઉકેલ આવ્યો નથી.તેઓના ચિંધ્યા માર્ગે આગળ વધવાની જરુર છે.અતિથિ પદે ગુજરાત વિદ્યાપીઠના પુર્વ કુલનાયક સુદર્શન આયંગરે પ્રસંગોપર્ચીત પ્રવચન કર્યુ હતું.

જોસેફ મેકવાન ફાઉન્ડેશન દ્વારા ત્રિવેણીી લેન્ડ માર્ક વડતાલ રોડ ખાતે યોજાયેલ જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર સમારોહમાં સાહિત્ય સર્જન



ક્ષેત્રે ડો. મોહન પરમાર અને કર્મશીલ ઈન્દુભાઈ જાનીની પસંદગી કરી તેઓને આ એવોર્ડથી સન્માનિત કરાયા હતા.જોસેફ મેકવાનના ૮૧માં જન્મદિવસે યોજાયેલ આ સમારોહ બીજી વખત યોજવામાં આવ્યો હતો.જોસેફ મેકવાન ફાઉન્ડેશન દ્વારા આ બીજો પુરસ્કાર સમારોહ હતો.જ્યાં મોટી સંખ્યામાં તેમના ચાહકો,સર્જકો,મિત્રો સગા સ્નેહીસબંધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જોસેફ મેકવાન ફાઉન્ડેશનના આયોજીત સાહિત્ય પુરસ્કાર અર્પણ સમારોહમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સાહિત્યકાર રઘુવીર ચૌધરીની અધ્યક્ષતામાં આ સમારોહ યોજાયો હતો.પુરસ્કાર પ્રાપ્ત કરનારા સર્જક ડો. મોહન પરમાર, નયામાર્ગના તંત્રી અને કર્મશીલ ઈન્દુભાઈ જાની,સુદર્શન આયંગર(પુર્વ કુલપતિ,ગુજરાત વિદ્યાપીઠ) અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ટ્રસ્ટી શ્રી ચંદ્રવદન મેકવાને કર્યુ હતું.આ પ્રસંગે મોહનભાઈ પરમારની સર્જન યાત્રા અને જીવન યાત્રા અંગે વિગતે વાત કરી હતી અને જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.ડંકેશ ઓઝાએ પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યુ હતું કે આજે રાષ્ટ્રપિતાનું જેને માન મળ્યું એવા રાષ્ટપિતાના હત્યારાનું મેરઠમાં પુતળુ મુકાયું છે. આ અંગે આપણે શું કરી શકીએ ?આપણે વડાપ્રધાનને એક ઈમેઈલ તો કરીએ કે નહીં? આ વિષયે આજે જોસેફ મેકવાન હયાત હોત તો તેઓ ચુપ ના બેઠા હોત.

આ પ્રસંગે સન્માન પામેલા સર્જક ડો.મોહન પરમારે દલિત સાહિત્યમાં યોગદાન આપનાર જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર માટે પોતાને લાયક ગણ્યા તે બદલ એવોર્ડ પ્રાપ્ત કરતાં ગૌરવ અને આનંદ વ્યકત કર્યો હતો.તેઓની કલમના સથવારે તેમણે સમાજની પીડાને વ્યક્ત કરી તેમના પ્રશ્નોને સાચા અર્થમાં રજુ કરી છે.ખરેખર જોસેફ મેકવાન એક રાષ્ટ્રીય પ્રતિભા હતા.

આ પ્રસંગે અતિથિ એવા અગ્રણી સાહિત્ય સર્જક અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ એમના વ્યકતવ્યમાં કહ્યુ હતું કે પરિવારની ફાઉન્ડેશન પાછળની મહેનત અંગે ટાંક્યુ હતું કે જોસેફ મેકવાને જેમ શબ્દને પ્રોત્સાહિત કર્યો એવોજ આનંદ આજે ફાઉન્ડેશનની પ્રવૃત્તિ કરતાં વધુ રાજીપો જોસેફ મેકવાનને થયો હશે.તેમની સર્જન યાત્રાનું સાક્ષી બનવાનું મારા સદ્‌ભાગ્યમાં છે.તેઓ જીવ્યા તેનો પુરે પુરો હિસાબ આજની આ ચાહકોની ઉપસ્થિતિ છે.

કાર્યક્રમના અંતે પુરસ્કાર પત્રનું વાંચન કિશોર મારવાડી અને હરેસ મકવાણાએ કર્યુ હતું. સમારોહનું સંચાલન ડો.ધીરજ પરમારે કર્યુ જ્યારે આભાર વિધિ અમિતાભ મેકવાને કરી.પરિવારજનો અને માતૃ રેગીનાબેને સર્જકો,શુભેચ્છકોનો આભાર વ્યક્ત કર્યો હતો.



જોસેફ મેકવાન ફાઉન્ડેશને તેના બીજા સમારોહમાં સાહિત્ય પુરસ્કાર અર્પણ માટે કર્મશીલ શ્રી ઈન્દુભાઈ જાની તંત્રી નયામાર્ગને પસંદ કર્યા હતા.એવોર્ડ સ્વીકારતા ઈન્દુભાઈ જાની સાથે સ્વ જોસેફભાઈના ધર્મપત્ની રેગીનાબેન અને જોસેફ મેકવાન ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી ચંદ્રવદન મેકવાનના ધર્મપત્ની અન્નાપુર્ણા મેકવાન દષ્ટિગોચર થાય છે.

કર્મશીલ અને નયામાર્ગના તંત્રી શ્રી ઈન્દુભાઈ જાની સ્વ જોસેફભાઈના ખાસ અંગત મિત્રો પૈકીના એક હતા.

## જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર શું છે ?

સ્વ જોસેફ મેકવાન એક પ્રખર સાહિત્યકાર હતા.સ્વ જોસેફ મેકવાન દલિત સાહિત્યના પ્રખર લેખક હતા. તેમની ૮૧મી જન્મ જયંતિ નિમિત્તે દર વર્ષે ૯મી ઓકટો.માં સાહિત્ય ક્ષેત્રે અને કાર્યક્ષેત્રે સારુ યોગદાન આપનાર પ્રતિભાઓને જોસેફ મેકવ ાન ફાઉન્ડેશન વતી પુરસ્કૃત કરવામાં આવે છે.જેમાં સ્મૃતિ ચિહ્ન,શાલ અને રુ. ૨૫ હજારનો ચેક અર્પણ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે. આમ.સમાજ સુધારાના સારા વિદ્વાન અને સર્જકોને ફાઉન્ડેશન પોતાની રીતે ચુંટે છે અને તેમની બહુમુલ્ય પ્રતિભાને લઈ આ વિશેષ જોસેફ મેકવાન પુરસ્કાર આપવામાં આવે છે.

## વિવાદિત નિવેદનો માટે પુર્વ જસ્ટીસ કાત્જુને સુપ્રીમ કોર્ટનુ સમન્સ

દેશ-દુનિયાના કોઈપણ મુદ્દે અવિચારી નિવેદન કરવા માટે જાણીતા પુર્વ જસ્ટીસ કાત્જુની સુપ્રીમ કોર્ટે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી.કોર્ટે જસ્ટીસ કાત્જુને સમન્સ પાઠવીને કોર્ટમાં હાજર રહેવાનું ફરમાન કર્યુ હતું.તાજેતરમાં સુપ્રીમ કોર્ટે આપેલા સોમ્યા રેપ અને મર્ડર કેસના ચુકાદા અંગે કાત્જુએ ટીકા ટિપ્પણી કરી હતી. પોતાના આદેશની ટીકા કરવાથી છંછેડાયેલી સુપ્રીમ કોર્ટે કાત્જુને જાતે હાજર રહેવા અને કાયદા અંગે ચર્ચા કરવા સમન્સ પાઠવ્યુ હતું.કોર્ટે પહેલી વખત આવુ કર્યુ હતું. જસ્ટીસ રંજન ગોગોઈ,પી.સી.પંત,અને યુ.યુ.લલિતની બેન્ચે જસ્ટીસ કાત્જુના બ્લોગ પરની માહિતીને ધ્યાનમાં રાખતાં આ સમન્સ જારી કર્યુ હતું. રેપ કેસ અંગે કાત્જુએ લખ્યું હતું કે આ ચુકાદો ભુલભરેલો છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.